# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ અંતર્ગત
# ચાલતા પોલિટેકનિક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની પ્રાથમિક માહિતી

ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ અને કામધેનુ યુનિવર્સિટી

1. આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - 388110
2. જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ - 362001
3. સરદરકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારરકૃષિનગર - 385506
4. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી - 396450
5. કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર

## રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા વિવિધ પોલિટેકનિકના અભ્યાસક્રમો

| ક્રમ | અભ્યાસક્રમ | પોલીટેકનિક | યુનિવર્સિટી |
|---|---|---|---|
| 1 | કૃષિ | શેઠ મ. છ. કૃષિ પોલીટેકનિક, આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| 2 | | કૃષિ પોલીટેકનિક, પીજ-વસો રોડ, વસો, જિ. ખેડા | |
| 3 | | કૃષિ પોલીટેકનિક, ડીસા, જિ. બનાસકાંઠા | સરદાર કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર |
| 4 | | કૃષિ પોલીટેકનિક, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા | |
| 5 | | કૃષિ પોલીટેકનિક, અમીરગઢ, જિ. બનાસકાંઠા | |
| 6 | | કૃષિ પોલીટેકનિક, ધારી, જિ. અમરેલી | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ |
| 7 | | કૃષિ પોલીટેકનિક, મક્તમપુર, ભરુચ | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| 8 | | કૃષિ પોલીટેકનિક, વ્યારા, જિ. તાપી | |
| 9 | | કૃષિ પોલીટેકનિક, વઘઈ, જિ. ડાંગ | |
| 10 | બાગાયત | શેઠ ડો. મ. બાગાયત પોલીટેકનિક, મોડેલ ફાર્મ, વડોદરા | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| 11 | | શેઠ બી. આર. બાગાયત પોલીટેકનિક, જગુદણ, જિ. મહેસાણા | સરદાર કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર |
| 12 | | બાગાયત પોલીટેકનિક, જૂનાગઢ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ |
| 13 | | બાગાયત પોલીટેકનિક, નવસારી | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| 14 | | બાગાયત પોલીટેકનિક, પરીયા, જિ. વલસાડ | |
| 15 | કૃષિ ઇજનેરી | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, મુવાલીયા ફાર્મ, દાહોદ | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| 16 | | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, ડેડીયાપાડા, જિ. નર્મદા | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |

| | | | |
|---|---|---|---|
| 17 | | કૃષિ ઇજનેરી પોલીટેકનિક, તરઘડીયા, જિ. રાજકોટ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ |
| 18 | એગ્રો-પ્રોસેસીંગ | એગ્રો-પ્રોસેસિંગ પોલીટેકનિક, જૂનાગઢ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ |
| 19 | ન્યુટ્રીશન એન્ડ ડાયટેટિક્સ | ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિક્સ પોલીટેકનિક, આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| 20 | ગૃહ વિજ્ઞાન (ફક્ત બહેનો માટે) | ગૃહ વિજ્ઞાન પોલીટેકનિક, અમરેલી | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ |
| 21 | | ગૃહ વિજ્ઞાન પોલીટેકનિક, સરદારકૃષિનગર, જિ. બનાસકાંઠા | સરદાર કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર |
| 22 | પશુપાલન | પશુપાલન પોલીટેકનિક, સરદારકૃષિનગર, જિ. બનાસકાંઠા | સરદાર કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર |
| 23 | | પશુપાલન પોલીટેકનિક, નવસારી | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| 24 | | પશુપાલન પોલીટેકનિક, જૂનાગઢ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ |
| 25 | | પશુપાલન પોલીટેકનિક, મહેતાપુરા, હિમ્મતનગર, જિ. સાબરકાંઠા | કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર |

## પ્રવેશ લાયકાત:

(1) ઉમેદવારે SSC (ધોરણ- 10)ની પરીક્ષામાં ગુજરાતી/પ્રાદેશિક ભાષા, ગણિત, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેક્નોલોજી, સામાજિક વિજ્ઞાન / સમાજ વિદ્યા અને અંગ્રેજી વિષયો સાથે ઓછામાં-ઓછા નીચે દર્શાવ્યા પ્રમાણેના ટકા મેળવેલ હોવા જોઈએ.

| ક્રમ | વિગત | પાંચ વિષયના ટકા** |
|---|---|---|
| 1 | અનુસુચિત જાતિના અરજદારો માટે | 33% |
| 2 | અનુસુચિત જનજાતિના અરજદારો માટે | 33% |
| 3 | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના અરજદારો માટે | 40% |
| 4 | અન્ય ઉમેદવારો માટે | 40% |

** ગુજરાતી/પ્રાદેશિક ભાષા, ગણિત, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેક્નોલોજી, સામાજિક વિજ્ઞાન / સમાજ વિદ્યા અને અંગ્રેજી

(I) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા

(II) અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડ જેવાકે, સેન્ટ્રલ બોર્ડ, કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કુલ ઓફ સર્ટીફીકેટ એકઝામીનેશન, નવી દિલ્લી, નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલીંગ, આતંરરાષ્ટ્રીય શાળા, મહારાષ્ટ્રા રાજ્ય શિક્ષણ બોર્ડ વગેરે.

- (i) ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઇએ, અથવા
- (ii) શાળા દિવ,દમણ અને દાદરા અને નગર હવેલીમાં આવેલી હોય તો ઉમેદવારના મા-બાપ ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોય.
- (iii) ઉમેદવાર ગુજરાત રાજયના નિઝર તાલુકાનો રહેવાસી હોય અને પરીક્ષા મહારાષ્ટ્ર બોર્ડમાંથી પાસ કરેલ હોય.

(2) ઉમેદવારે પરીક્ષા ઉપરોકત ક્રમાંક (1) મુજબ પાસ કરેલ હોય અને

(I) તેના મા-બાપ નીચે દર્શાવેલ કેટેગરીમાં નોકરી કરતા હોય, અને

(II) તેના મા-બાપની બદલી ગુજરાત રાજયમાં થઇ હોય અને રજીસ્ટ્રેશન સુધીમાં ફરજ પર હાજર થઇ ગયા હોય અને ત્યાં (રજીસ્ટ્રેશન) સુધી ફરજ પર રહેવાના હોય તેઓ પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેમનો સમાવેશ મેરીટ – લીસ્ટમાં કરવામાં આવશે.

માતા-પિતા/વાલીની નોકરીની કેટેગરી

- (a) કેન્દ્ર સરકારના અધિકારી / કર્મચારી, અથવા
- (b) કેન્દ્ર સરકારના અને રાજય સરકારના જાહેર સાહસોના અધિકારી / કર્મચારી, અથવા
- (c) રાષ્ટ્રીયકૃત બેંકના અધિકારી / કર્મચારી, અથવા
- (d) ગુજરાત રાજયમાં આવેલ UNO / UNICEF/ WHO જેવી આતંરરાષ્ટ્રીય સંસ્થાના અધિકારી / કર્મચારી, અથવા
- (e) ગુજરાત કેડરના ભારતીય સનદી સેવા, ભારતીય પોલીસ સેવા, ભારતીય જંગલ સેવાના અધિકારી / કર્મચારી કે જેઓ ગુજરાત રાજયમાં કે ગુજરાત રાજય બહાર ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે, અથવા
- (f) ગુજરાત રાજય સરકારના અધિકારી/ કર્મચારી કે જેઓ વહીવટી કારણોસર ગુજરાત રાજય બહાર ફરજ બજાવે છે.

| | | |
|---|---|---|
| (3) | જે ઉમેદવારે | |
| | (i) | ગુજરાત રાજ્યમાં આવેલી કોઈપણ જ્વાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ 8 સુધી અભ્યાસ કરેલ હોય અને |
| | (ii) | ત્યારબાદ અન્ય રાજ્યમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત જ અભ્યાસ કરેલ હોય અને |
| | (iii) | ગુજરાત સિવાયના રાજ્યમાં આવેલ નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ - 10 ની પરીક્ષા પાસ કરેલ હોય |
| | નોંધ : "જવાહર નવોદય વિદ્યાલય" યોજના એટલે કે, જવાહર નવોદય વિદ્યાલય યોજના કે જે રાષ્ટ્રીય શૈક્ષણિક પોલીસી હેઠળ કેન્દ્ર સરકાર ધ્વારા વર્ષ 1985-86 દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે. આ યોજના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ અંતર્ગત ચાલતી નવોદય વિદ્યાલય સમિતિ (સ્વાયત્ત સંસ્થા) ધ્વારા સંચાલિત છે. | |

**વધારાના ગુણ:**

(1) કૃષિ અથવા બાગાયત વિષયના પોલીટેકનિક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવાર જો ખેડૂતના પુત્ર /પુત્રી / ભાઇ / બહેન / પૌત્ર / પૌત્રી હોય તો, તેમણે મેળવેલ મેરીટ માર્ક ઉપરાંત **5 %** વધારાના માર્ક ઉમેરવામાં આવશે. તેના માટે ઉમેદવારે તેના પિતા / માતા / દાદા (પિતૃ પક્ષ) /દાદી (પિતૃ પક્ષ) કે ભાઇ / બહેન ગુજરાત રાજ્યમાં ખેતીલાયક જમીન ધરાવે છે તે અંગેનો ૭/૧૨નો ચાલુ વર્ષનો દાખલો રજુ કરવાનો રહેશે.

**ઉમર**: પોલીટેકનિક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે ચાલુ વર્ષની 31મી ડીસેમ્બરે ઓછામાં ઓછા 15 વર્ષ પુરા કરેલા હોવા જોઈએ.

**મેરીટ લિસ્ટ**:

| ક્રમ | વિગત | |
|---|---|---|
| 1. | સમય મર્યાદામાં પ્રવેશ ફોર્મ ભરેલ હોય અને પ્રવેશ માટેની લાયકાત ધરાવતા હોય તેવા તમામ ઉમેદવારોના બે અલગ-અલગ મેરીટ લિસ્ટ નીચેની લાયકાતને આધારે બનાવવામાં આવશે.<br>એસએસસી (ધોરણ-10)ની પરીક્ષામાં ગુજરાતી/ પ્રાદેશિક ભાષા, ગણિત, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેક્નોલોજી , સામાજિક વિજ્ઞાન / સમાજ વિદ્યા અને અંગ્રેજી વિષયમાં મેળવેલ ગુણ અને વધારાના મળવા પાત્ર ગુણ, જો લાગુ પડતા હોય તો | |
| | A | કૃષિ અને બાગાયત પોલિટેકનિકમાં પ્રવેશ માટેનું મેરીટમેરીટ લિસ્ટ |
| | B | પશુપાલન, કૃષિ ઇજનેરી, એગ્રો પ્રોસેસિંગ, ન્યુટ્રીશન એન્ડ ડાયટેટિક્સ અને ગ્રુહ વિજ્ઞાન અભ્યાસક્રમોની પોલિટેકનિકમાં પ્રવેશ માટેનું મેરીટમેરીટ લિસ્ટ |

## અનામત બેઠકો:

### અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ/વિકલાંગ/ સેનાના કર્મચારી/ સેના નિવૃત્ત કર્મચારીના સંતાનો માટે અનામત બેઠકો:

| | | |
|---|---|---|
| 1 | ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થા / વેટરનરી કાઉન્સીલના ઉમેદવારો માટે | 15% |
| 2 | ગુજરાત રાજ્યના ઉમેદવારો માટે | 85% |

ગુજરાત રાજ્યના ઉમેદવારો માટેની બેઠકો નીચે દર્શાવેલ કેટેગરી મુજબ અનામત રહેશે :

| | | |
|---|---|---|
| અનુસૂચિત જાતિ | 7% | આ કેટેગરીની અનામત બેઠકો એકબીજા માં તબદીલ થઈ શકશે. |
| અનુસૂચિત જનજાતિ | 15% | |
| સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (ઉન્નત વર્ગમાં સ્માવિષ્ઠ ન હોય તેવા) | 27% | ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા માન્યતા પ્રાપ્ત |
| વિકલાંગ | 3% | જે - તે કેટેગરીમાં સમાવિષ્ઠ થશે |
| સેનામાં કાર્યરત અથવા સેનામાંથી નિવૃત્ત કર્મચારીના સંતાનો | 1% | ----- |

કોઈપણ સંજોગોમાં આ ટકાવારીથી વધારે સંખ્યામાં અથવા યુનિવર્સિટી ધ્વારા નક્કી કરાયેલ જરૂરી લાયકાત કરતા ઓછી લાયકાત ધરાવતા ઉમેદવારથી જે - તે કેટેગરીની બેઠકો ભરી શકાશે નહી.

## પારસી જાતિના ઉમેદવારો માટે અનામત બેઠકો:

(1) માત્ર ગુજરાત રાજ્યના પારસી જાતિના ઉમેદવારો માટે એક વધારાની બેઠક અનામત રહેશે. જે અન્ય ઉમેદવારો માટે તબદિલ થઇ શકશે નહીં.

(2) આ અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે પારસી જાતિના હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**સંપર્ક સૂત્રો:**

| ક્રમ | યુનિવર્સિટી | હોદ્દો | સંપર્ક/ફોન નંબર |
|---|---|---|---|
| 1 | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | મદદનીશ કુલસચિવ | 02692-264462 |
| 2 | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ | મદદનીશ કુલસચિવ | 0285-2673040 |
| 3 | નવસારી કૃષિ મહાવિદ્યાલય,નવસારી | મદદનીશ કુલસચિવ | 02637-282786 |
| 4 | સરદાર કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | મદદનીશ કુલસચિવ | 02748-278229 |
| 5 | કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર | કુલસચિવ | 9725001060 |

**નોંધ :**

1. તમામ પોલિટેકનિકોમાં અભ્યાસક્રમ ત્રણ વર્ષ (છ સેમેસ્ટર)નો છે. જેમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે.
2. જે તે વિષયનો અભ્યાસક્રમ, તેના વિષયો, વિનિયમો, પરીક્ષા વગેરેને લગતી તમામ માહિતી જે તે કોલેજના આચાર્ય પાસેથી મેળવી શકાશે. જેમાં જરૂર પડ્યે સુધારા વધારા કરવાની સત્તા યુનિવર્સિટીના સત્તાધીશોને અબાધિત રહેશે. યુનિવર્સિટી તેની કોલેજોમાં કેટેગરી વાઇઝ ઓછમાં ઓછી પ્રવેશ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે પુર્ણસમયના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવે છે. સેમેસ્ટર પધ્ધત્તીના આવા અભ્યાસક્રમ હેઠળ, છૂટછાટ આપેલ હોય અથવા હોસ્ટેલ ફાળવેલ ન હોય તે સિવાયના, દરેક વિદ્યાર્થીએ યુનિવર્સિટી હોસ્ટેલમાં રહેવું ફરજીયાત છે.
3. ભારતીય નાગરિકત્વ ધરાવતી વિધાર્થિનીઓ માટે શિક્ષણ અને હોસ્ટેલ ફી માફી છે.
4. સામાન્ય સંજોગોમાં ફી ભર્યા બાદ ફરી પરત મેળવી શકશે નહીં.

**DISCLAIMER**

**રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો માટે પ્રવેશને લગતી તમામ સત્તા યુનિવર્સિટીની આબાધિત રહેશે અને જરૂર પડ્યે તેને બદલવાની સત્તા પણ યુનિવર્સિટીની રહેશે. આપેલ મહિતી ફક્ત માર્ગદર્શન માટે છે. જેનો ઉપયોગ કાયદાકીય દસ્તાવેજ તરીકે કરી શકાશે નહીં.**